# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૫૫ તા.૧૦-૦૮-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, તા.૧૩-૧૪-૧૫ ઓગષ્ટના રોજ તમામ મ્યુનિ. શાળાઓમાં જે-તે શાળા પરિવાર દ્વારા રાષ્ટ્રધ્વજ સન્માન સાથે યોગ્ય જગ્યાએ ફરકાવવામાં આવે. આ રાષ્ટ્રધ્વજને ત્રણ દિવસ રાત-દિવસ રાજય સરકારની મળેલ મંજૂરી મુજબ ફરકાવી શકાશે. તા.૧૫-૦૮-૨૦૨૨ના રોજ સૂર્યાસ્ત પહેલા પ્રોટોકોલ મુજબ સન્માનપૂર્વક ઉતારી યોગ્ય જગ્યાએ મુકાય તે ખાસ જોવું.

રાષ્ટ્રધ્વજનું અ.મ્યુ.કો.ના જુદા જુદા અર્બન હેલ્થ સેન્ટર,પોસ્ટ ઓફિસ તથા મ્યુનિ. શાળાઓમાં વિતરણ ચાલુ છે. જયાંથી ખરીદી રાષ્ટ્રધ્વજ દરેક શાળામાં અને કર્મચારીઓના ઘરે લગાવી સાચા અર્થમાં આઝાદીના અમૃત મહોત્સવને ચરિતાર્થ કરીએ.

મ્યુનિ. શાળાઓ અને ઘર પર ફરકાવવામાં આવેલ આ રાષ્ટ્રધ્વજ સાથેની સેલ્ફી વેબસાઈટઃ https://harghartiranga.com/, ટવીટર પ્લેટફોર્મ પર #HarGharTiranga દ્વારા અપલોડ કરવી તથા તેની કોપી મદદનીશ શાસનાધિકારીને મોકલી આપવી.

અગત્યની નોંધ :-

- આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ દ્વારા તા.૨૦-૦૮-૨૦૨૨ના રોજ શાળાઓમાં રજા જાહેર કરવામાં આવે છે. આ રજા આપવાથી ચાલુ શૈક્ષણિક વર્ષમાં એક રજા કાપી લેવામાં આવશે.
- તમામ મુખ્ય શિક્ષકશ્રીઓએ સેટ-અપ અંગેની કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવાની હોઈ આ રજાઓ દરમ્યાન મદદનીશ શાસનાધિરીની પૂર્વ મંજૂરી બાદ જ હેડકવાર્ટર છોડવાનું રહેશે.

તા.૧૦-૦૮-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી